હિંમતનગરમાં ડમ્પીંગ સાઈટ વિવાદ

શરતચૂકથી વધારાની ચુકવાયેલી રકમ વ્યાજ સાથે વસુલ લેવાઈ છે : ચીફ ઓફીસર
પ્રાદેશિક વિકાસ કમિશ્નર કચેરીમાંથી તપાસ માટે લેખિત જાણ કરાઈ નથી

હિંમતનગર, તા.૧૨

હિંમતનગર પાલિકા સંચાલિત કાટવાડ સ્થિત ઘનકચરાના નિકાલના સ્થળે થઈ રહેલા કામના ચુકવણા પેટે ભૂતકાળમાં શરતચૂકથી અંદાજે રૂ.૨૨ લાખની ચુકવણી થઈ ગઈ હતી. જોકે તે અંગે પાલિકાના સત્તાવાળાઓના ધ્યાન પર આવતા ચુકવણીના થોડા સમય બાદ કામ કરનાર એજન્સી પાસેથી વ્યાજ સાથે રૂ. ૨૨.૪૫ લાખની વસુલાત કરી લેવામાં આવી હોવાનો દાવો ચીફઓફીસર ધ્વારા કરવામાં આવ્યો છે.

આ અંગે પાલિકાના ચીફ ઓફીસર યશપાલસિંહ વાઘેલાના જણાવાયા મુજબ પાલિકા સંચાલિત કાટવાડ ડમ્પીંગ સાઈટ પર શહેરમાંથી ઉગરાવાતા ઘનકચરાને એકત્ર કરવાના સ્થળે કેટલીક સગવડો ઉભી કરવાના આશયથી નગરપાલિકા ધ્વારા અંદાજે રૂ.૧.૭૦ કરોડ જેટલુ ટેન્ડર બહાર પાડવામાં આવ્યુ હતું. જે કામ મહેસાણાની ઘનશ્યામ એજન્સીને મળ્યુ હતું. જ્યા કામની શરૂઆત કરાયા બાદ એજન્સી ધ્વારા પાલિકામાં બીલ મુકવામાં આવ્યુ હતું. જે બીલમાં પાલિકાના લાગતા વળગતા વિભાગના વડાઓ તથા ચેરમેનની સહી બાદ તેનું ચુકવણુ કરવાનો નિયમ છે ત્યારે ગમે તે કારણસર અથવા તો શરતચૂકથી ઘનશ્યામ એજન્સીને અંદાજે રૂ.૨૨ લાખથી વધુની ચુકવણી થઈ ગઈ હતી.

તો બીજી તરફ આ અંગે પાલિકાના સત્તાવાળાઓને ખબર પડતાની સાથે જ ઘનશ્યામ એજન્સી પાસેથી બીલની ચુકવણી કરાયા બાદ વધારાની ચુકવાયેલા અંદાજે રૂ.૨૨.૪૫ વ્યાજ સાથે વસુલ લેવાયા હોવાનું ચીફ ઓફીસરનું કહેવુ છે. એટલુ જ નહી પણ આ અંગે પાલિકાના પદાધિકારીઓએ સમગ્ર ઘટનાની તપાસ કરવા માટે પ્રાદેશિક કમિશ્નર સમક્ષ રજુઆત કર્યા બાદ તપાસનો ધમધમાટ શરૂ થયો છે. પરંતુ હકિકતમાં આ અંગે ચીફ ઓફીસરને લેખિતમાં કોઈ સત્તાવાર જાણ કરાઈ નથી. તેમ છતા જો કઈ ખોટુ થયુ હશે તો તપાસ બાદ જે કિષ્કર્ષ નિકળશે તે છુપુ રહેશે નહી.

દરમિયાન એક એવી પણ ચર્ચા ચાલી રહી છે કે નગરપાલિકા ધ્વારા જ્યારે કોઈપણ ચુકવણુ થાય ત્યારે તેમાં સંલગ્ન વિભાગના વડાઓની હસ્તાક્ષર બાદ ચીફ ઓફીસર અને પૈસા ચુકવનાર એકાઉન્ટન્ટની સહી બાદ તે ચેક આપવામાં આવતો હોય છે. તેથી જો કોઈ શંકાસ્પદ બીલ હોય તો અને તેની ચુકવણી થાય તો તેમાં જવાબદારી એકલા સરકારી કર્મચારીની હોઈ શકે નહી તેના માટે વિભાગના વડાઓ પણ જવાબદાર હોઈ શકે. બાકી તો હવે જ્યારે તપાસનો ધમધમાટ શરૂ થઈ ચૂક્યો છે ત્યારે તપાસનીશ અધિકારીઓ પુરાવાઓને આધારે સત્ય બહાર લાવશે. હાલ તો પાલિકામાં ભાજપ અને કોંગ્રેસના રાજકારણ વચ્ચે શહેરીજનો અનેક તર્કવિતર્કો કરી પોતાની રીતે અર્થઘટન કરી રહ્યા છે. જોકે હાલ તો નગરપાલિકામાં એવી પણ ચર્ચા ચાલી રહી છે કે દોષનો ટોપલો સરકારી કર્મચારીઓ પર ઢોળવામાં આવ્યો હોય તેવો ઘાટ થયો હોય તેમ લાગી રહ્યો છે.

ભાજપના કોર્પોરેટરોના નગરપાલિકામાં આંટાફેરા

હિંમતનગર પાલિકામમાં કહેવાતા કૌભાંડનો પદફાશ થયા બાદ છેલ્લા ચારેક દિવસથી સત્તાધારી પક્ષ ભાજપના કેટલાક પદાધિકારીઓ દિવસમાં બે થી ત્રણ વાર નગરપાલિકાના આંટાફેરા મારીને કોણ આવે છે. અને કોને મળે છે તેની જાણકારી મેળવવા પ્રયાસ કરી રહ્યા છે.

હિંમતનગર પાલિકામાં વિવાદ ચરમ સીમાએ કોંગ્રેસે પ્રમુખની ઓફીસને તાળુ મારી દીધુ

પ્રમુખ, કારોબારી અધ્યક્ષ, બાંધકામ સમિતિના ચેરમેન રાજીનામુ આપે : ડમ્પીંગ સાઈટના ભ્રષ્ટાચારના મામલે વીજીલન્સની તપાસ કરાવો

હિંમતનગર, તા.૧૨

હિંમતનગર નગરપાલિકાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે પાલિકા હસ્તકના કાટવાડ સ્થિત ડમ્પીંગ સાઈટ પર થોડા સમય અગાઉ થયેલા ભ્રષ્ટાચાર મામલે તાજેતરમાં પ્રાદેશિક કમિશ્નરની ઝોનલ કચેરી ધ્વારા તપાસનો ધમધમાટ શરૂ થતાની સાથે જ હિંમતનગર નગરપાલિકા વિવાદના વંટોળમાં સપડાઈ છે. ત્યારે તાલુકા કોંગ્રેસ અને પાલિકાના વિપક્ષના સભ્યોએ સૂત્રોચ્ચાર કરીને પાલિકા પ્રમુખની ઓફીસને તાળુ મારી દીધુ હતું. અને કથીત ભપષ્ટાચારમાં સંડોવાયેલા ચેરમેનોએ રાજીનામુ આપી દેવુ જોઈએ તથા સમગ્ર કૌભાંડની તપાસ વીજીલન્સ મારફતે કરાવવાની માંગ કરી છે.

આ અંગે તાલુકા કોંગ્રેસના અગ્રણીઓએ કરેલા આક્ષેપ મુજબ કાટવાડ સ્થિત ડમ્પીંગ સાઈટના માટીકામ તથા ઘનકચરાના નિકાલના સ્થળે સરકારી ગ્રાન્ટમાંથી થઈ રહેલા કામના બીલોમાં વધુ રકમ ચુકવાઈ હતી. જે અંગે પ્રાદેશિક કમિશ્નર કચેરીમાંથી તપાસ પણ થઈ હતી. જેથી વિપક્ષમાં બેઠેલા કોંગ્રેસે આગામી સમયમાં યોજાનાર નગરપાલિકાની ચૂંટણીને ધ્યાનમાં રાખી મુદ્દો ઉખેડ્યો છે અને તેના ભાગરૂપે સોમવારે શહેર કોંગ્રેસના કાર્યકરોએ નગરપાલિકામાં આવીને સૂત્રોચ્ચાર કર્યા બાદ પાલિકા પ્રમુખની ઓફીસને તાળબંધી કરી ચાવી લઈને જતા રહ્યા હતા. આ અંગે પાલિકાના વિરોધ પક્ષના નેતા ઈમરાન બાદશાહે દાવો કરતા જણાવ્યુ હતું કે હિંમતનગર પાલિકામાં ભાજપના શાશનમાં કોંગ્રેસે પ્રથમ વખત પ્રમુખની ઓફીસને તાળાબંધી કરી છે.

તો બીજી તરફ ચીફઓફીસર યશપાલસિંહ વાઘેલાએ કોઈપણ પરિસ્થિતીને પહોચી વળવા માટે અગાઉથી જ પોલીસ બંદોબત્સ માંગી લીધો હતો. અને રજુઆત કરવા આવેલા કાર્યકરોની રજુઆત સાંભળી હતી. જોકે પ્રમુખની ઓફીસની ચાવી લઈને જતા રહેલા કાર્યકરોને કાયદાનું ભાન થતા તરત જ ચાવી ચીફઓફીસરના ટેબલ પર મુકાવી દેવામાં આવી હતી.

થરા નજીક ટેન્કરે ટક્કર મારતા કારચાલક ઘવાયો

બનાસકાંઠા જીલ્લાના કાંકરેજ તાલુકાના થરા-શિહોરી હાઈવે પર બપોરના સમયે અકસ્માતની ઘટના બનવા પામી છે. જેમાં તેરવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતાં કર્મચારી અલ્ટો કાર લઈ પસાર થતાં હતા. આ દરમ્યાન બનાસ ડેરીના ટેકરે અલ્ટોને ટક્કર મારતાં અકસ્માત સર્જાયો હતો. જોકે અકસ્માતમાં આરોગ્ય કર્મચારી ઈજાગ્રસ્ત બનતાં તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.્ કોરોના કાળ વચ્ચે સોમવારે બપોરના સુમારે થરા-શિહોરી હાઈવે પર માર્ગ અકસ્માતની ઘટના પ્રકાશમાં આવી છે. જેમાં બનાસ ડેરીના ટેકરે એક અલ્ટો કારને ટક્કર મારતાં અકસ્માત સર્જાયો હતો. ઘટનામાં આરોગ્ય કર્મચારી ઈજાગ્રસ્ત બન્યો હોવાનુ જાણવા મળ્યું છે. અકસ્માતની જાણ થતાં આસપાસના લોકો સહિતના ટોળાં એકઠાં થઈ ગયા હતા. આ તરફ ઈજાગ્રસ્તને તાત્કાલિક શિહોરી સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. બાદમાં દોડી આવેલી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ખેડૂતોએ દિવસ-રાત કાળી મજૂરી કરી મગફળી વાવણી કરી પાક લેવાના સમયે મગફળી લાગી જ નહિ

ચોઈલાના પાંચ ખેડૂતો અન્નપૂર્ણાનું બીયારણે રોવડાવ્યા

બાયડ, તા. ૧૨

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં ખેતીવાડી વિભાગની આંખ નીચે નકલી બિયારણ અને ડુપ્લીકેટ જંતુનાશક દવાઓનો વેપલો ખુલ્લેઆમ ચાલી રહ્યો છે. બંને જીલ્લામાં ખેતીવાડી વિભાગના કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓની મિલીભગતના પગલે નકલી બિયારણનું વેચાણ કરતા વિક્રેતાઓ બિલાડીના ટોપની જેમ ફુલ્યાફાલ્યા હોવાનું ખેડૂતો અહેસાસ અનુભવી રહ્યા છે. નકલી બિયારણનો ભોગ બનનાર ખેડૂત વાવેતર કર્યા પછી દિવસ-રાત કાળી મજૂરી કર્યા પછી લણણીના સમયે પાકનો ફાલ ન ઉતરતા પોક મૂકીને રોવાનો વારો આવતો હોય છે.

બાયડ તાલુકાના ચોઈલા ગામના ૫ ખેડૂતોએ અન્નપૂર્ણા કંપનીની મગફળી બિયારણ વાવતા ૮૦ થી ૮૫ દિવસની

મહેનત બાદ મગફળીનો ફાલ ન ઉતરતા ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. બાયડ તાલુકાના ચોઈલા ગામના ૫ ખેડૂતોએ ગામમાં આવેલી પેસ્ટીસાઈડ્સની દુકાનોમાંથી મગફળીનું અન્નપૂર્ણા કંપનીનું બિયારણ ખરીદી વાવેતર કર્યા બાદ ૩ મહિનાની મહેનત બાદ ખેતરમાં લહેરાતી મગફળીના ફાલ પર મગફળીની બેઠક જ ન હોવાથી મહેનત પાણીમાં જતા લાખ્ખો રૂપિયાનું નુકશાન થતા દયનિય હાલત બની હતી. ખેડૂતોએ જીલ્લા ખેતીવાડી અધિકારીને આવેદનપત્ર આપી કંપની સામે કાયદેસરની કાર્યવાહી કરવા અને વીઘા દીઠ કંપની પાસેથી ૩૦ હજાર નુકશાની અપાવવા રજુઆત કરી હતી. અન્નપૂર્ણા કંપનીએ નકલી બિયારણ પધરાવતા ખેડૂતોની મગફળીની ખેતી નિષ્ફળ જતા ખેડૂતોની હાલત કફોડી બની છે ખેડૂતોની દિવાળી બગાડતા ખેડૂતો ચિંતિત બન્યા છે.

ભિલોડા તાલુકામાં અતિવૃષ્ટીના કારણે ખેડુતોનો પાક અને ઘાસચારો નિષ્ફળ હોઈ પારદર્શી સર્વે કરાવવા આવેદનપત્ર

ભિલોડા,તા.૧૨

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં ચોમાસા દરમ્યાન અતિવૃષ્ટીના કારણે ભારેથી અતિભારે વરસાદ દરમ્યાન ખેડુતોનો પાક અને ઘાસચારો નિષ્ફળ નિવડ્યો હોઈ

પારદર્શી સર્વે કરાવી ખેડુતોને યોગ્ય વળતર આપવા સંદર્ભે ખેડુતો ધ્વારા મામલતદાર આર.વી. વણકરને આવેદનપત્ર અપાયું હતું.

ભિલોડા તાલુકાના જેતપુર ગામના ખેડુત આગેવાન અનિલભાઈ એન.હડુલા સહિત ખેડુતોના જણાવ્યા મુજબ ચોમાસાની સિઝન દરમ્યાન ભિલોડા તાલુકાના ગામડાઓમાં ભારેથી અતિભારે વરસાદ વરસ્યો હતો. અરવલ્લીની ગીરીમાળાઓની વચ્ચે આવેલા ગામડાઓમાં પાણીના તળ એકદમ ઉંચા આવી જવાથી ખેડુતોના મોંઘા પાકો ઠેર-ઠેર નિષ્ફળ થયા છે. ખેતરોમાં હજુ પણ ક્યાંક-ક્યાંક વરસાદી પાણી વહી રહ્યું છે. ખેડુતોના ખેતરોમાં પાક અને ઘાસચારો કોહવાઈ ગયેલ છે. ખેડુતો અને પશુપાલકો ભારે હાડમારી ભોગવી રહ્યા છે.ગ્રામ્ય વિસ્તારોમાં ખેડુતો ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલ હોઈ ખેડુતોને આર્થિક રીતે ફટકો પડ્યો છે. ખેડુતોની માથાદીઠ જમીન ઓછી હોવાથી પરીવારનું જીવન નિર્વાહ ચલાવવું ખુબ જ મુશ્કેલ છે. રવિ સિઝનના વાવેતર માટે પણ ખેડુતો અસહ્ય મોંઘવારીના જમાનામાં આર્થિક સંકળામણ અનુભવી રહ્યા છે.

ગુજરાત રાજયના જે અતિવૃષ્ટી ધરાવતા જીલ્લા, તાલુકાઓનું સરકાર ધ્વારા ખેડુતો માટે પાક નિષ્ફળ થયાનું વળતર આપવાની સમીક્ષા કરાઈ છે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે છેવાડાના ભિલોડા તાલુકાના ગરીબ ખેડુતો પ્રત્યે ઓરમાયું વર્તન રાખી પાક નુકસાનીનું વળતર માટે બાકાત રાખવામાં આવેલ છે.ખેતીવાડી અધિકારી ધ્વારા કોઈ પણ જગ્યાએ સર્વે કે સમીક્ષા કરવામાં આવેલ નથી તેમ ખેડુતોએ આવેદનપત્રમાં લેખિતમાં જણાવ્યું હતું.સૌરાષ્ટ્ર વિસ્તારના તમામ જીલ્લા અને તાલુકાના ખેડુતોને માંગ પ્રમાણે વળતર આપવાની માંગ રાજ્ય સરકારે સ્વીકારેલ છે ત્યારે અરવલ્લી જીલ્લાના ખેડુતો પ્રત્યે જે ઓરમાયું વર્તન રાજ્ય સરકાર ધ્વારા દાખવવામાં આવેલ છે તેમ ખેડુતોએ જણાવ્યું હતું.

હવે, બુટલેગરો ટ્રાવેલરમાં દારૂની હેરાફેરી કરવા લાગ્યા

મોડાસા રૂરલ પોલીસે રાજેન્દ્રનગર ચોકડી પરથી ટ્રાવેલરમાંથી ૨.૬૬ લાખના દારૂ સાથે બે શખ્સોને ઝડપ્યા

મોડાસા, તા. ૧૨

રાજયમાં દારૂબંધી હોવા છતાં મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો

જથ્થો વાહનો મારફતે ગુજરાતમાં લવાઈ રહ્યો છે. અરવલ્લી જીલ્લામાં નવનિયુક્ત એસપી સંજય ખરાતના આગમન પછી જિલ્લામાં દેશી વિદેશી દારૂની હેરાફેરી અને વેચાણ અટકાવવા પોલીસ દોડધામ કરી રહી છે. બુટલેગરો પર તવાઈ બોલાવતા બુટલેગરોએ હવે વિદેશી દારૂ ઘુસાડવા સરકારી એસટી બસ અને ખાનગી લકઝરી બસમાં મુસાફરના સ્વાંગમાં ખેપિયાઓ મારફતે વિદેશી દારૂ ઠાલવવા પ્રયત્નશીલ બન્યા છે. ત્યારે મોડાસા રૂરલ પોલીસે રાજેન્દ્ર ચોકડી નજીકથી મીની લકઝરી (ટ્રાવેલર)માંથી સીટની નીચે ગુપ્ત ખાનામાં સંતાડી રાખેલા ૨.૬૬ લાખના દારૂ સાથે બે શખ્સોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મીની લકઝરીમાં સંતાડેલ દારૂનો જથ્થો રાજયના બુટલેગર પાસે પહોંચે તે પહેલા પોલીસે બુટલેગરોના મનસૂબા પર પાણી ફેરવ્યું હતું.

મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ સી.પી. વાઘેલા અને તેમની ટીમે અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર આવેલ રાજેન્દ્ર નગર ચોકડી નજીક રાજસ્થાનમાંથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરતાં બુટલેગરોની વિદેશી દારૂ ઘુસાડવાની નવી મોડસ ઓપરેન્ડીશનો પર્દાફાશ થયો હતો. રાજસ્થાન તરફથી આવી રહેલ ટેમ્પો ટ્રાવેલર (ગાડી.નં. જીજે.૦૯.એવી.૫૫૩૨)ને અટકાવી તલાસી લેતા મીની લકઝરી બસની સીટની નીચે મુસાફરોને બેસાડવા માટેની સીટ નીચે ગુપ્ત ખાના બનાવી સંતાડેલ વિદેશી દારૂની નાની-મોટી બોટલ નંગ-૨૫૬૮ રૂ.૨૬૬૪૦૦નો જથ્થો જપ્ત કરી ટ્રાવેલરચાલક નરેન્દ્રસિંહ ભૈરવસિંહ ચૌહાણ અને કિશનલાલ મોહનલાલ રાવત (બંને રહે. રાજસ્થાન)ને જેલના સળિયા પાછળ ધકેલી દઈ ટેમ્પો ટ્રાવેલર, દારૂ, મોબાઈલ સહીત રૂ. ૭૭૦૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ઝડપાયેલા બંને શખ્સો વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ડીસા બનાસ બ્રિજ ઉપર ટ્રકે ટ્રેક્ટરને ટક્કર મારતા બેનાં મોત

માલગઢ રામાબાપુ ગૌશાળાના મજૂરોને અકસ્માત નડ્યો

ડીસા, તા. ૧૨

કોરોના મહામારી વચ્ચે પણ ડીસા પંથકમાં અકસ્માતોની વણજાર યથાવત રહેવા પામી છે, જે દરમિયાન સોમવારે બપોરના

સુમારે ડીસા બનાસ નદીના પુલ ઉપર ટ્રેલર અને ટ્રેક્ટર વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતની વિગતો જોતા માલગઢની રામબાપુ ગૌશાળાના મજૂરો ટ્રેક્ટરમાં ઘાસ ભરવા માટે આજે બનાસ બ્રિજ ઉપરથી પસાર થતા હતા તે દરમિયાન પાછળથી આવી રહેલા ટ્રેલર પુર સ્પીડે ટ્રેક્ટરને ઓવરટેક કરવા જતાં અકસ્માત સર્જાયો હતો જેમાં ટ્રેક્ટરમાં પાંચેક લોકો સવાર હતા. અકસ્માતના પગલે ટ્રેક્ટર ઉથલી પડ્યું હતું. અકસ્માત બાદ ટ્રેલર ચાલક નાસી છૂટ્યો હતો. જોકે ટ્રેક્ટરમાં સવાર ચાલક અને અન્ય એક વ્યક્તિનું ટ્રેલર નીચે આવી જતા બે વ્યક્તિઓના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા તેમજ અન્ય ત્રણ વ્યક્તિઓને ઈજા થવા પામી હતી. અકસ્માતના પગલે બ્રિજ ઉપર ટ્રાફિક જામ થઈ જવા પામ્યો હતો, જોકે સમય સુચકતાના પગલે દોડી આવેલી તાલુકા પોલીસની ટીમે બન્ને મૃતકની લાશે પીએમ અર્થે ડીસા સિવિલ ખાતે ખસેડી હતી અને ફરાર ટ્રેલર ચાલક વિરુદ્ધ ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી હતી.

પોશીના તાલુકામાં કૃષિ વિધેયક અંગે બેઠક યોજાઈ

સાબરકાંઠા જીલ્લાના પોશીના તાલુકાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં કૃષિ વિધેયક અંગે બેઠક યોજાઈ હતી.રાજ્યસભાના સાંસદ રમીલાબેન બારા,સાબરકાંઠા જીલ્લા ભાજપ સંગઠન મહામંત્રી અશોકભાઈ જોષી સહિત ભાજપના હોદ્દેદારો,સામાજીક કાર્યકરો ધ્વારા કેન્દ્ર સરકાર ધ્વારા મંજુર કરાયેલ કૃષિ બીલ અંગે ચર્ચા-વિચારણા,કૃષિ બીલ સંદર્ભે જન જાગૃતિ ફેલાવવા ખેડુતોને યોગ્ય માર્ગદર્શન અપાયું હતું.કૃષિ બીલ ખેડુતલક્ષી છે પરંતુ વિરોધ પક્ષને સારૂ કામ જોવાતુ ન હોવાની કારણે ખેડુતોને ખોટી રીતે ગુમરાહ કરતા હોઈ તેમ જણાવી ખેડુતોને કૃષિ બીલ વિશે જાગૃત કર્યા હતા.ગુજરાત રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ સંદર્ભે ખેડુતોને માહિતગાર કર્યા હતા.

રાજ્ય સરકારની મોબાઇલ ટુ સ્પોર્ટસ યોજના અંતર્ગત

અરવલ્લી જિલ્લામાં આગામી ૭ નવેમ્બર સુધી ચિત્ર સ્પર્ધા યોજાશે

મોડાસા, તા. ૧૨

રાજ્ય સરકારની મોબાઈલ ટુ સ્પોર્ટસ યોજના અંતર્ગત યુવાનો રમતગમત તરફ આકર્ષાય તે માટે અરવલ્લી જિલ્લામાં આગામી ૧૦ ઓક્ટોબરથી ૭ નવેમ્બર સુધી

ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. રમતગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીની કચેરી તથા જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી દ્વારા સંયુક્ત રીતે "મોબાઈલ ટુ સ્પોર્ટ્સ" કાર્યક્રમ અંતર્ગત આ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરાયું છે.

હાલના કોરોના (કોવિડ-૧૯)ની મહામારીના વિષમ સંજોગોમાં ફેસબૂક, વ્હોટસ, ઈન્સ્ટાગ્રામ તથા વિડિયો ગેઈમ્સ જેવી પ્રવૃતિઓ તરફ આકર્ષીત કરવા એ વેડફતા યુવાધનને હકારાત્મક રીતે ક્રિયાશીલ કરવા રમતગમતની પ્રવૃતિઓ તરફ આકર્ષીત કરવા એ સમયની તાતી જરૂરીયતાત છે. યુવાધનનો શારીરિક અને માનસિક વિકાસ ઉત્તમ રીતે થાય તે હેતુ સરકારશ્રીએ વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન મોબાઈલ ટુ સ્પોર્ટસની નવી યોજના મંજુર કરેલ છે. આ યોજનાને મોબાઈલ ટુ સ્પોર્ટસ ફેસબુક પેઝ, યુ ટયુબ ચેનલ, રેડિયો QQQQQUIZ ટેલિવિઝન તેમજ સોશિયલ મિડિયા સંબધિત માધ્યમો દ્વારા ખ્યાતનામ ખેલાડીઓની વિગતો, ઓડિયો ક્લિપ રજુ કરી યુવાનોને રમતગમતની પ્રવૃતિઓ માટે પ્રેરણાસહ આકર્ષિત કરવામાં આવશે.

આ ચિત્રસ્પર્ધામાં ૧૮ થી ૨૫ વર્ષના યુવાનો ભાગ લઈ શકશે. સ્પર્ધકે એ-૪ સાઈઝના ડ્રોઈંગ પેપર પર "મોબાઈલ ટુ સ્પોર્ટ્સ" વિષય પર પોતાની કૃતિ તૈયાર કરી તા. ૭-૧૧-૨૦૨૦ બપોરે ૧૨ કલાક સુધીમાં જિલ્લા રમત ગમત અધિકારીશ્રીની કચેરી બ્લોક-એ એસ ૧૪ બીજો માળ જિલ્લા સેવા સદન શામળાજી રોડ મોડાસા ખાતે મોકલવાની રહેશે. રાજ્યકક્ષાએ આગામી ૨૧ નવેમ્બરે યોજાનાર આ ચિત્ર સ્પર્ધામાંથી ૧૦ વિજેતા કલાકારોની પસંદગી થશે. તેઓ પૈકી પ્રથમ વિજેતાને રૂ. ૧૦,૦૦૦, દ્રિતીય વિજેતાને રૂ. ૭,૫૦૦, તૃતીય વિજેતાને રૂ. ૫,૦૦૦ એમ ત્રણ ઈનામો અને બાકીના અન્ય ૭ વિજેતાઓને રૂ. ૨,૫૦૦ના ઈનામો આપવામાં આવશે.

આ અગેની વધુ માહિતી મોબાઈલ ટુ સ્પોર્ટસ યોજના અંતર્ગત ફેસબૂક પેઝ https://www.facebook.com/mobile2sports તેમજ યુ ટયુબ ચેનલની લિંક http://www.youtube.com/channel/RovtHpN4rkensuaz-g પરથી મળી શકશે.

અરવલ્લીમાં વધુ બે હીટ એન્ડ રનની ઘટનામાં ૩ના મોત

અરવલ્લી જીલ્લામાં યમરાજાએ જાણે પડાવ નાખ્યો હોય તેમ જીલ્લામાં ૨૪ કલાકમાં હીટ એન્ડ રનની ૪ ઘટનાઓમાં ૫ લોકોએ જીવ ખોવાનો વારો આવ્યો છે. હજુ તો સવારે બનેલ મરડીયા બસ સ્ટેન્ડ અને સાઠંબા-ગાબટ રોડ પર બનેલી હીટ એન્ડ રનની ઘટનામાં બે આશાસ્પદ યુવકોનું રોડ પર પડેલ લોહીના ડાઘા સુકાયા પણ નથી ત્યાં શામળાજીના રૂદ્રેશ્વર મહાદેવ નજીક પસાર થતા ધંબોલીયા ગામના યુવકને અજાણ્યા વાહને અડફેટે લેતા ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું, ઘટનામાં વિજયનગર ચિત્રોડીના અને ભિલોડાના ધોલવાણી રહેતું દંપતી સારવાર લઈ પરત ફરતા સમયે ધોલવાણી ત્રણ રસ્તા નજીક રોડ ક્રોસ કરતા અજાણ્યા વાહને ટક્કર મારતા દંપતીના શરીરે ઈજાઓ પહોંચતા સારવાર કારગત નીવડે તે પહેલા દંપતીએ દમ તોડી દેતા ભારે ચકચાર મચી હતી.

અરવલ્લી જીલ્લાના લોકો માટે રવિવાર ગોજારો સાબિત થયો હતો. સાબરકાંઠાના વિજયનગર તાલુકાના ચિત્રોડી ગામના અને ભિલોડાના ધોલવાણી ગામે રહેતા લક્ષ્મણભાઈ ધુળાજી નિનામા બીમાર થતા તેમની પત્ની કંકુબેન સાથે ભિલોડાની ખાનગી હોસ્પિટલમાં સારવાર કરાવવા ગયા હતા. સારવાર કરી પરત ફરતા ધોલવાણી ત્રણ રસ્તા નજીક રોડ ક્રોસ કરતા સમયે અજાણ્યા વાહને દંપતીને અડફેટે લેતા પતિ-પત્ની રોડ પર પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ દંપતીને સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા. ગંભીર રીતે ઈજાગ્રસ્ત દંપતીનું સારવાર દરમિયાન મોત નિપજતા ભિલોડા પોલીસે મૃતક દંપતીના મૃતદેહને પીએમ માટે ખસેડી વકસીભાઈ લાલજીભાઈ નિનામાની ફરિયાદના આધારે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી અજાણ્યા વાહનચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. પતિ-પત્નીનું અકસ્માતમાં મોત નિપજતા પરિવારજનોએ આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી.

ધંબોલીયાં ગામના ગબ્બરસિંહ ચૌહાણ કામકાજ અર્થે બહાર ગામ ગયા હતા ઘરે પરત ફરતા સમયે શામળાજી નજીક આવેલા રૂદ્રેશ્વર મહાદેવ નજીક પસાર થતા હતા ત્યારે અજાણ્યા વાહને ટક્કર મારી રફુચક્કર થઈ જતા આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા. અજાણ્યા વાહનની ટક્કરે ગબ્બરસિંહ ચૌહાણનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું.